હાજર ઇમામની સાલગ્રેહના શુભપ્રસંગે ગવાતા
ગાયનોનો સંગ્રહ.

સાલગ્રેહ સંગ્રહ

ભાગ ૧ લો.

જેમા કોમના જાણીતા લેખકો મી.-મુરાદઅલી, વરતેજી, ચુનારા,
મોમ, અબ્દ, કાશમ, મુખતાર વગેરેની કલમોથી
લખાયલા તથા ન્યુ ડીઝાઇનનો ઇસમાઇલી
હાજર ઇમામ સાહેબના ફોટા સહિત.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

માસ્તર મહમદઅલી રતનશી.

ઠે. ઇમ્પીરીયલ મ્યુઝીક કલાસ
ભીંડીબજાર નવાબની મસજીદની બાજુમા–મુંબાઈ નં. ૯

આવૃત્તિ ૧ લી | સને ૧૯૧૫ | પ્રત ૫૦૦૦

અમદાવાદ—જમાલપુર ગેટ ૬૫૦ ધી "નટવર" પ્રેસમા
ભોગીલાલ નાનચંદ બારોટવાલાએ છાપ્યુ

કીમત ચાર આના.

[illegible]



[illegible]

હાજર ઈમામની સાલગ્રેહના શુભ પ્રસંગે ગવાતા ગાયનોનો સંગ્રહ.

મુરાદ ૧.

રંગને ઉમંગ સંગ જન્મની ખુશયાલી
સુલતાન મહમદ શાહાનો જનમ અમો ભાગ્યશાળી રંગ૦
પેશામણી મેવાના ખુમચાં હાથમાં ફુલની થાળી
ઠાઠ માઠ સરવે સાથ ખોજા જમાત ચાલી-- રંગ૦
ખાનેથી જમાત પધારી આવી સાહેબની વાડી
ડાંડીઆની ધુમ મચે ખુબ પડે તાળી-- રંગ૦
રંગશું કેશર તણો ગુલાબ જળ ગુલાલી
ઘેર ઘેર ગાન તાન દીપતી દીવાળી-- રંગ૦
હા હા હા હા હો હોહો હો ખુશીની ખુશયાલી
સુલતાન મહમદશાહને ભેટે આ અમો ભાગ્યશાળી-- રંગ૦
ફરજંનડીને કરૂ અરજી નજર કરો દયાળી
મુરાદ પુરજો મારી જો દરશન પાઉં હાળી— રંગ૦

ગરીબ ૨.

સુલતાન શાહને સંભાળો પ્રીતેથી પીયારા
સુલતાન શાહને સંભાળો
લક્ષણ સારા સંધ કરીને ધીયાન દુનીઆ માંય ધીયારો
તારા અંતરમાં સનેહથી સાધો માયાથી મનડું વારો—
નરન કળકી નામને ભજીએ એ છે વધારણુ હારો—

સાહેબ નામ છે મહારસ મીઠો સંસાર સરવે ખારો--
હરદમ હરડે હેત ધરીને સેવોને સુખ કરનારો—
નોધારાનો આધાર એ છે સૃષ્ટીનો સરજણ હારો--
સેવક થઇને શાહાને આરાધે મહેર કરો મૌલા મારો—
કહે ગરીબ ગુરૂ ગીયાન ગ્રહીને અંતરમાંહે ઉતારો--

મુરાદ ૩.

મહમદસુલતાંકા હય પીયારા નામ નામ નામ
મેરે મૌલાકા હય પીયારા નામ નામ નામ--
જુઠોકી જુલમત દુર હુઇશબ
આયે કોરટમે જબવો નેક નામ નામ નામ--
બારે તઆલા જલદ પીલાદે
ઇશકે મૌલાકો ભરકે હમકો જામ જામ જામ--
ચાહે તું દીદાર ગર રોઝે મહેશર
કર તું ઇયાદ ઉનોકી શુબ્હો શામ શામ શામ—
વસ્ફ સુલતાંકા કીસ્સે રકમહો
મુરાદ કલંમ યહાંપે અપની થામ થામ થામ--

અલી ૪.

સુલતાન શાહાના જનમનો દીન છેરે
કરો આનંદ ઉમંગ ઓછવનો શનછેરે--
રમો રંગમાં સઉજન રમણીયતથારે
વાણી વદો વીધ જનો હેતપ્રીતથારે—
રીજે સાહેબ સુલતાન સમ ભાવથારે
આવો આવો સોભાગ્યવંતા હાવથારે
પત રાખશે પ્રબલ ધણી પરમારથારે

જે કોઈ કરશે સુકૃત્ય સદાચારથીરે—
ભાવ ધરશે જો કોઈ બ્રહ્મ ગીનાનથીરે
ઇ બચશે ઇર્ષાને અભેમાનથીરે
ઓ ઓ ભાઇઓ નાચો સુરતાલથીરે—
તમને વ્રહે ઉદ્દશે એવી ચાલથીરે
હૃદયામાં રાખજો રણકાર એના રાજનુંરે—
ફરીથી કર નહી જડે એવા શરતાજનુંરે—
નિઃસ્વારથી થઇ સમરો સુલતાનનેરે
મુકો કુડ કપટને હુશદ રાનનેરે--
આજથી બચજો સાચા સઉ સારથીરે
રહેજો હરદમ હાજર આભુષણ ચારથીરે
કીધાં કર્તવ્ય કારમાં આપે જ્યારથીરે
છે અલીતણો આશરો ત્યારથીરે--

મુરાદ પ.

સુલતાંને મહમદકી યે જુશતજુ હય
મીલે બસયે સુલતાંયેહી આરઝુ હય—
સમાયાહય જબસે મેરી આંખમે તું
જીધર દેખતાહું ઉધર તુહી તું હય—
હુએ શેરે ખુદાકા હરએક જાપે જલવા
મેરે દીલમે ઉસ નામકી રંગોબુ હય
નીકલ જાવેજા મેરી તેરે જીકરમેં
ઈલાહી મેરે દીલકી યે આરજુ હય— ગુ૦
જો મરદુદ હય મુનકર હો શાહે અલીકા
વો મલઉન હય લ્યાનતી ઉસપે થું હય— ગુ૦

મુરાદ તબહી પાવેગા અપનીવો દીલસે
કહેગા ન જબે ઓ તુહી તુકી તુ હય--

મીમ ૬

અલી અલી અલી જપનીત આલી અલી
સુલતાન શાહકો શમર વો હએ ગાદીનશીન અલી--
અજ રોઝ ઉનકા જનમ હુવા બાગેગુલીસ્તામે
દુનીઆમે મચા શોર કરો યાદ યા અલી--
મુબારકી તુમે અય ભાઇઓ શાલ ગરેકી
હશોમીલો ખેલો કુદો અલી અલી--
આજ રોજ ઇદકા હયે ખુશીઆં મનાઓ તુમ
દીદાર ઉમીદ દીલકી બરલાવે અલી અલી--
હએ મીમકો તેરે શીવા નહી હય આસરા
જપતા હએ સુબહો શામ યા અલી અલી

મીમ ૭

યા ખુદાવંદ યા સુલતાન મહમદશાહ દાતાર
તેરે કુરબાન યા સુલતાન મહમદશાહ દાતાર
તેરે દીદારકી ઉમીદ યા શાહ ઇમામ
યે હય અરમાન યા સુલતાન મહમદશાહ દાતાર
દીનો ઇમાંકા તું મુખત્યાર હય મેરે માલા
તુ મેરબાન યા સુલતાન મહમદશાહ દાતાર
મએ ગુનાહોસો દબાજાતાહુ યાશેરે ખુદા
હુ ગુન્હેગાર યા સુલતાન મહમદશાહ દાતાર
કુનીફીલાહ જબ વો ગએ તો અનલ હકબોલા
હય તેરી શાન યા સુલતાન મહમદશાહ દાતાર

તેરે દરસેજો ફીરા ઉસકા હયન નામોનીશા
વોહય ફીનાર યા સુલતાન મહમદશાહ દાતાર
મોમ હય આપકા દરપેયે સદા દેતા હએ
તુહી મુખત્યાર યા સુલતાન મહમદતાહા દાતાર

કાસમ ૮

સખી ચાલો સુલતાન શાહના બાગમાંરે
ગીત ગાએ રૂડા ગુલતાનમાંરે–
વાગે વાજીંત્ર રૂડા રંગ રીતથીરે–
ગાએ ગરબા સહીયર મળી પ્રીતથીરે–
આજે સોનાનો સુરજ ઉગીઓરે
સુ મારગનો રસતો સુજીઓરે–
એલો એલો ગરબા ને રંગરીતથીરે
જમો જમો સાહેલીના સંગથીરે–
કર જોડીને દાસજ ગાય છેરે
રૂડા મોમનની ઉમેદ પુરી થાય છેરે–

મુરાદ ૯

મહમદ સુલતાંસે રો ઝોશબ દીલકો હમારે કામ હએ
જગડેકો અબ જહાંનકે દિલસે મેરા સલામ હએ
આંખ ખુલિવોરાઝમે આયા નઝર વો મહજબી
નારેહ ઝબાં હમારે બસ મહમદ સુલતાં કા નામ હએ
તમામ ઝમાને કર દિયા ગુલશને દિતે અહમદિ
સારિ જહાં ઉનીસે બસ રોશન હુવા મુદામ હએ
આઈ બહાર બાગમે ફુલ ખીલે શજર ખીલે
બુલબુલકે લબપે હરઘડી મહમદ સુલતાંકા નામ હએ

મુરાદકા બહેરે ગમસે અબ બેડા લગાદો પાર તુમ
સુમરન તુમારે નામકી બસ હમકો સુઝ્હો શામ હઓ

મુરાદ ૧૦

સમરો મહમદ સુલતાનને ભજો મુગતજ થાય
મારા વીરલારે તમે સમજી લીઓ શાન—સમરો
પહેલા મચ્છજ અવતારમાં સંખાસરનો સંઘાર
ગૌતમ ભગતને તારીયા ઉતાર્યાં ભવપાર—સમરો
બીજે કૌરભ રૂપમાં અમરીખનો ઓધાર
મધુકીટકને છેદે આ રતન કાઢે આ દશચાર—સમરો
ત્રીજે ત્રીકમ દાઢે ધરી મોર દાણવ સંઘાર
ધ્રુ ભગતને તારીયા કીધી વન માંએ સાર—સમરો
ચોથે રૂપે નર સંગમાં મારીઓ હરણો રાકાસ
પ્રહેલાદની પ્રીત પાળવા થંભથી થયા પ્રકાશ—સમરો
પાંચમે રૂપ વાએમણ ધરી આવ્યા બળને દુઆર
કમળા ધનને તારવા બળને ચાંપ્યો પઇઆર
છઠે ફરસી રાંમ રૂપમાં કમળા પતીનો નીસતાર
સસ્ત્ર અરજાણ સંઘારીયા છગ કરી અપાર—સમરો
સાતમે રામ અવતારમાં હરીચંદનો ભરણ
રાવણને ત્યાં મારીઓ ગારીઓ કુંભકરણ—સમરો
આઠમો નિજી રૂપમાં કીધી સેદેવની સાર
કંસાસરને છેદીઓ છેદી પુતનાં નાર—સમરો
નવમે બુધ અવતારમાં દુરજોધનનો સંઘાર
પાંચે પાંડવને તારીયા કરોડી નવનો ઓધાર—સમરો
દશમે અત્રીજીના રૂપમાં છેદે કાલીંગો સાર

કમળા કુંવરને તારસે તારે સુરજા રાણી નાર—સમરો
દસ અવતારને ઓળખી રાખી દ્રઢ વીસવાસ
પુરજો મૂરાદ મારા મનની હું છું ભગતનો દાસ—સમરો

અલી ૧૧

પ્રીતેથી સતપંત ધ્યાવો પીયારા બંધુ આ—પ્રીતેથી
આ અવની બની રંગ બેરંગી
તેનાપર નહી લલચાવો—પીઆરા બંધુ આ.
સતથી ચાલશે ગતમાં આવશે
તે લાગશે સુલતાન શાહને પ્યારો—પ્યારા બંધુ આ.
જુઠને તજો હરને ભજો તો
રાજી રહેશે એ લહેરી લાલો—પ્યારા બંધુ આ.
આપ ગમાવોને એક કળા જાણો
તો આગલ આવશે આરો—પ્યારા બંધુ આ.
બાર મ દેખોને અંદર પેખો
તો દીદાર દેશે છબીલો બાવો—પ્યારા બંધુ આ.
દાસ અલી કહે સમરણ કરલે
તો—રાજ કરાવશે વૈકુંઠ વાલો—પ્યારા બંધુ આ.

અલી ૧૨.

સુલતાન શાહને વધાવો પ્રીતેથી પ્યારા;—સુલતાન.
ધન્ય ઘડી ધન્ય પલ ધન્ય ધન્ય ધન્ય ધન્ય,
સુલતાન જન્મમેઆનું દહાડો—દહાડોરે—આજે.
કરો ખુશી ખુશયાલી ઘડી આવી આનંદ કારી,
હેત રસે રંગ રેલીયા મચાવો—મચાવો આજે.
ઘેર ઘેર ગાનતાન અવતર્યા સુલતાન સામ,

લેહથી લગની લગાવી ગીત ગાવો—ગાવોરે—આજે.
રમો રમો રંગે સંગે ડાંડીઆ રાસ ઉમંગે,
ઉછરંગે ઉતસવના ઢોલ બજાવો, બજાવોરે—આજે.
ઇસમાઇલી ઇદ આજે ગુણ ગાવો વાજે ગાજે,
હીંડોલે હાજર ઇમામને જુલાવો જુલાવો—આજે.
હરદે હરખ ન માય મનડુ મલકાઇ જાય,
કહે 'અલી' સુલતાન શાહને કાજે કાજેરે—આજે.

ગીમ ૧૩.

આજે સુલતાન શાના જનમનો દીવસ આનંદ સઉ કરોરે લોલ,
આજે રંગ ઉંમગનો લેજો લાભકે શુભ ઘડી પામીયા રે લોલ;
આપણા ઘટની અંદર કરજો રાસ લીલા સુખ માણજો રે લોલ.
સઉ હળી મળી દીનનો લેજો લાભકે તો ફળ પામશે રે લોલ.
આપણાગુરૂ સત ગુરૂજીની એવી વાણીકે હળી મળી ચાલજો રે લોલ.
સ્વામી વીનતી અમારી ધરજો કાન કે વેલા આવી મેહેર કરોરે લોલ.
અમારા અવગુણને તમે ગુણ કરી જાણોકે દયા હીત લાવજો રે લોલ.
"મમ" દીલની ઉમેદ કરજો પુરીકે દીદાર આપજો રે લોલ.

ગીમ ૧૪.

આજે આનંદ અપાર સુલતાન મહમદશાના જનમનો દીન છે,
ચાલો ઈસમાઈલી બાળ કાંડી મોલે ડાંડીયા રાશની ધુમ છે.
સરવે હેતેપ્રીતે ગાઓ રૂડાં ગીત લાવો લઇએ આજે હૃદય પ્રફુલીત,
હરખમાં મનમસ્ત છે—આજે.

સાખી-મુબારકી સાલ ગ્રેહની, આપે ઈસમાઈલી બાળ;
આશીશ ગુરૂની અચલ રહો, એમ ઈચ્છે આબાળ,
સુલતાનશા આવોરે છબીલા છોગાળા સુલતાન શાહ આવોરે-

હરખ બતાવોરે, આંસુડા લુછીને હરખ બતાવોરે,
દાસી જાણીને પ્રીતમ પ્યારા દીદાર આપોરે.

સાખી—સુલ્તાન શાહને સેવીએ, મહમદના મજ શાર;
અલી નામ આરાધીએ, ઉતરીએ પેલે પાર,
"મમ" જોડુ હાથ દીન બંધુઓને દીદારની ઉમેદ છે;
દયા કરજો દયાલ વહેલા પધારો હીંદમાં સઉ આતુર છે.

મીમ ૧૫.

આજે સુલ્તાન મહમદશાહના જન્મનો દીવસ છે,
આનંદ કરો સહુ હળી મળી, પ્રેમેથી ગીત ગાઓ ગુલ્તાનથી;
મહેર કરે વૈકુંઠ નાથ ધણી—આજે.
બાઇયુ ભાઇયુ સરવે મલી કરી વાડી ને કાડી મોહલે જાય,
દાંડીયા રાસની ધુમ પડે વાવટા રોસનાઇનો પાર નહી—આજે.
મુબારકી આપુ સાલ ગ્રેહની સરવે દીન ભાઇયોને;
હરખ માય ન અંતરમાં બોલો ધન્ય ભાગ "મમ" ઇસ્માઇલી.—આજે.

મુરાદ ૧૬.

મારા મહમદ સુલ્તાન સાથે કામ છેજી;
રૂદીઆમાં મારા વસે રામ છેજી—મા૦
માળા રે દીલની હરદમ જપુ છું;
જેના દરશનની મુને હામ છેજી—મા૦
દરશન દેવાની કૃપા કરજોજી;
બંદો તમારો ગુનેગાર છેજી—મા૦
મહેર કરીને દયા ધરજોજી;
ઈ મુરાદ પુરણ હો છેજી—મા૦

મુરાદ ૧૭.

નિંદ્રામાંથી જાગી, તારિ મોહીની મુજને લાગી,
મારા મહમદ સુલતાન સુહાગી મએ દુનિયાને છે ત્યાગી–નિં૦
આવો મારા આંખોના તારા, મઉલા ભેદ છે તારા ન્યારા;
મારા છો મુરશીદ પ્યારા, હુ દરશનનો વેરાગી—નિં૦
આપ્યો મારફતનો ઉપદેશ, રહું ફકીરી વેશ;
મારા છે મુરશીદને આ દેશ, માયાની કુડી મનથી ભાગી–નિં૦
પાળુ મુરશીદ કરો બોલ, તોડું નહીં હું કોલ;
મારા મનમાં કીધો તોલ, મુરાદ બંદો ખાકી—નિં૦

મુરાદ ૧૮.

મૌલા તેરે ભેદકો કીને ન પાયા, અજબ ખેલ તુંને બનાયા–મૌ૦
અહદ હોકે અહમદ બના હુવે, રાઝ પીનહા બનાયા,
અએન ગએનકા ફરક દિખાકે, આપીમે આપ સમાયા–મૌ૦
બોલા અનલહક દિલસે તેરે, મનસુર સુલી ચડાયા,
શમસ બનકે જબ નીચુ આયા, ખાલ પોશ સટવાયા—મૌ૦
લીખા તુને તુહી સુનાયા, અહદસે આહમદકો આયા;
કુદરતસે તેરે કાયલ બનકે, મુરાદ દિલસે શરમાયા—મૌ૦

મુરાદ ૧૯.

પીયા છાંડ ચલે મોકો બનમેરે, પ્રિત લગાઈ બાલપનમેં—પી૦
બ્રહકી આગને જલાયો સારો સીલગ રહી મોરે તનમેં—પી૦
બીનતી કરત હું પૈયા પડત હું વાયદા કીયા હુએ નવેંબરમેં–પી૦
ઉનીસો સનસઠ સાલ ચલા હુએ, અબ આવેગે પીયા થોડે
દિનમેં—પિ૦
સુલતાન મહમદશા મહેર કરો તુમ મુરાદ પુરિ કરેગે કોન
દિનમેં—પિ૦

[૧૧]

સએર

સાલગ્રેહ (૩૬) મી, સુલતાનશાની આજ,
આશા મનની સફળ કરો. અરજ સુણો મહારાજ.

મીમ ૨૦

મારા સુલતાન શા રાયરે, હેતે કરી દરશન દીયો
પ્રાયશ્ચિત સરવે જાયરે, હેતે કરી દરશન દીયો
સાલગ્રેહ છત્રીસમીરે, સ્વામી તમારી આજ
વહેલા પધારો હિંદમાં, દીદાર દેવાને કાજરે—હે.
નરને નારી થયા એકઠારે, હરશ ઘણો અપાર
ડાંડીયા રાસની ધુમ છે, રોશનાઇનો નહિ પારરે—હે.
શુકરવારીયા પંજેભાઈ વીનવેરે, કર જોડીને હાથ
મોમનનાં મન પ્રફુલીત કરો, મહેર કરો દીનાનાથરે—હે.

મુરાદ ૨૧

સુલતાનની સાલગીરે આવીરે,
છત્રી સમી સાલગીરે આવીરે, આવી આવી આવીરે—સુલ૦
ડાંડીયા રાસની ધુમ મચાવો, લાઇટની શોભા ભારીરે—સુલ૦
સુલતાન મહમદશાહ વેલા પધારો, વાટ જુવે નર નારીરે—સુલ૦
મહેર કરીને દરશન દેજો પુરજો મુરાદ હમારીરે—સુલ૦

મુરાદ ૨૨

કીં અચે હાંણે મુકે ધીર, અંખીએ બીજા ભરીભરી વહેતો નીર
દુખજીયુ ગાલીયું કે કે સુણાયા, કેર સુણે પંજીપીડ
અંઇણ અસાકે નથો લગે સારો, વેલા અચો આઈ પીર
મનજી મુરાદુ આઇ પુરી કરીયો, માફ કરો તકસીર
અખીએ મીજા ભરી ભરી વહેતો નિર.

મુરાદ ૨૩

સરપે આંખોપે કલેજેપે બીઠાઉ તુજકો—એ રાગ

યા સુલતાને મહમદ હું દીલો જાંસે તલબગાર તેરા
એક મુદતસે હું બસ તાલીબે દીદાર તેરા—યા
ખ્વાહીસે હુરન જનતકી તલબ હએ મુજકો
મેરે આકા મેરે મોલાહું ગીરફતાર તેરા—યા
શરબતે દીદસે આપને મુજે સેરાબ તું કર
જાંબ લબ હએ બખુદા તાલીબે દીદાર તેરા—યા
અએ મસી હાએ ઝરા જલદ ખબર લો મેરી
નીમજાં બાસતરે ફુરકતપે હએ બીમાર તેરા—યા
મસ્તહું મસ્તહું બસ તેરી મોહબતસે મુદામ
એક ઝમાનેસે હું બસ બુલ બુલે ગુલઝાર તેરા—યા
આરઝુ હએ મુરાદકી શહે હરદો સરા
દેખું હરબાર ઈન આંખોસે મયે દીદાર તેરા—યા.

મુરાદ ૨૪

માડી મુને લગન લઇ પરણાવો, લગન લઇ પરણાવો.
માંહેરામાં મોહન સંઘ બેસુ, લેવુ પરણ્યાનો લાવો,
સમરથ ધણીનો હાથ મલે તો, જન્મ સફળ થાએ મારો—માડી.
મારી માવડી હું થઈ આવડી, વાત ચીતમાં કાંઇ લાવો
ધના જોશીને મુહુરત પુછી લ્યો, નંદ જસો દાને કહાવો—માડી.
સુગળ વસ્તુ વારીને બેઠી, ભુલી નથી એકે દહાડો
રામ કૃષ્ણ તમે વહેલા પધારો, તરસીઆને કાંહે તરસાવો—માડી.

મીમ ૨૫

આજે આનંદ કરો નર નારી તમો,
નર નારી તમો બહેન ભાઇયું તમો; આજે૦

સાલગ્રેહ સાડત્રીશમી સુલતાનશાહની આજ,
નર નારી સૌ હેતથી હળો મળો સૌ આજ;
આનંદ આનંદ કરો ખુશી રંગ રાગમાં,
હળી મળી પાડો તાળી તમો; આજે૦
આજ દિવસ રળીઆમણો હસો બોલો નરનાર,
ધન ઇશિમાઇલી બાળનો શોભાનો નહિ પાર;
ભાઈ ચાલો કાંડી મહોલે જઇએ આનંદ કરવાને,
ખુબ પ્રિતેથી ડાંડીઆ રાસ ચાલો રમવાને. આજે૦
સુલતાનશાહ તમ વિનવું, કર જોડી બેઉ આજ,
વેલા પધારો હિંદમાં દીદાર દેવાકાજ;
આવો આવો " મમ " મારા સુલતાનશાહ,
પુરજે મુરાદ મારા મનની તમો. આજે૦

ભીમ ૨૬

સુંદરતા શોભે આજ ભારી,
સુલતાન મહમદશાહના જનમનો છે દહાડો
વાહ વાહ જાઉં વારીઆજી. સુંદર૦
સાડત્રીશમી સાલગ્રેહ સુલતાન મહમદ શાહની,
આજ દિવસ છે આનંદકારી. સુંદર૦
આજની શોભા મારા મનથી ન વિસરેજી,
રંગ રાગ જામ્યો અતિ ભારી; સુંદર૦
બાઇયું ભાઇયું હળી મળી જાય કાંડી મહોલે,
ડાંડીઆરાસ લાઇટની શોભા ભારી. સુંદર૦
સુલતાન મહમદ શાહ આવો દીદાર દેવાને આવો,
વાટડીયું જુએ નર નારી; સુલતા૦

શુકરવારીઆ પંજે ભાઇઓ તમને રે વિનવે છે,
બોલો સુલતાન શાહની જયકારી; સુલતા૦
દીલની મુરાદુ મારી પુરીરે કરજોને,
ચરણોમાં રાખજો મોરારી. સુલતા૦

મીમ ૨૭

સુલતાન શાહ તારી કામણુ કરનારી, હિંદમાં વાંસલડી વાગી.
મીઠી વળી મોહક મન વશ કરનારી,
હિંદમાં વાંસલડી વાગી. સુલતા૦
મન વશ કરનારી સ્વર સુણતાં લાગે સુખકારી,
હું ઘેલી હું ઘેલી તમ વિણ થઈ છું નીજારી,
હિંદમા વાંસલડી વાગી. સુલતા૦

મીમ ૨૮

કવ્વાલી.

સુલતાં એક નજરીયામેં તીર જાઊંગી,
બીન દેખ તેહારી મૈ મર જાઊંગી. સુલતાં૦
આવો સુલતાં મોહે દરસ દીખાવો,
મુશા નહિ કે મૈ ડર જાઊંગી. સુલતાં૦
પ્રીત તે હારી મન મેં રખુંગી
પુછેગા કોઇ મુકર જાઊંગી. સુલતાં૦
" મીમ " કે દર પે અગર જાઊંગી,
સોહાગન બનકે સંવર જાઊંગી. સુલતાં૦

અલી ૨૯

રાગ ગરબો.

જઇ પોચાડો મુંને મારા શાહ કને
રહેબર રાજ જઈ પોચાડો મુંને મારા શા કને

અહદમાં આવી રહો યા રંકને બોલાવી લો
જુદાઇથી જીરૂ નથી આરામરે. રહેબર રાજ.
સરમ રાખ શીરોમણી સંગે રહે સુલતાન ધણી,
આ અલગપણે અંગે લાગી લાહાયરે. રહેબર રાજ.
ફીકલડીના કાલાવાલા કાને શા લગાડજો,
કર જોડું હું કૃપા કરો આધારરે. રહેબર રાજ.
આજી પડી બારણે વાલાજી વ્હાલ વધારજો,
સ્હાય કરો સઉને અલી સરતાજરે. રહેબર રાજ.

અલી ૩૦

કાફી

વેસો અચ તું વિલાત મીંજા મૌલા,
દીદાર દીસી દીલ ખુશ થીએ અલ્લા. અલ્લા—વેસો.
પલો પથરે આઉ અરજ ગુજારીયાં,
વેરીઅ મકર આંઊ વસીસે તાજે. અલ્લા—વેસો.
મીઠડે નેણ શાણે મુકે ઇશ્ક ડે યા અલી,
હીન ગોલેજો આઇઓ તું વાલી. અલ્લા—વેસો.
અરજ ગરજ મુહીજી સુણે તું સાહેબ,
રૂઅધે મુહીજી રાતુ વીનનતીયું. અલ્લા—વેસો.
મુંજી દેહ દુખી તો ધારા નીમાણી,
અચી વશ વીચમે "અલ્લી" ચેડોયાણી. અલ્લા—વેસો.

મુરાદ ૩૧

મેં તો તેરે દાસનકો હુ દાસ સાહેબ કબ પૂરોગે આશ,
જળ ડુબત ગજ રાજ ઊગારીઓ રૂક રહયો જાગ સારી.
એક બેરો તેરો નામ લીઓ હે કર કર દ્રઢ વિશ્વાસ. મેં તો૦

ધ્રુ તારીઓ, પ્રેહલાદ ઊગારીઓ સારીગો હરીચંદ્ર કાજ,
ભરી સભામેં રાખ લઇરે દ્રૌપદી કેરી લાજ. મેંતો૦
હાથ જોડકે કરૂં બીનતી સુલતાન મહમદ પાસ,
મૂરાદ કરદો સબકી પુરી તુમ બીન ખડી ઉદાશ. મેંતો૦

મુરાદ ૩૨
લાફીંગ

સાલગ્રેહનું સુંદર અવસર જોઇ થાય ગલગલીઆં,
સારૂં સારૂં જમવા માટે પેટ થાય પલ પલીયાં
મુરઘી બેદાં નાન ચાંપ ખાઉં ઉનાં ફુલ ફુલીયાં
બીરીયાની કડી ચાવલ ખાવા જીવ મારે ટલ વલીયાં.
હા હા! !...હા હા ! !... હા હા ! !... હાહા ! !...
કટલેસ સીખ સમોસા આહા કબાબ કોસા કોસા.
ચપ ચપ ખાઉં મોજ ઉડાઊં આપો કોઈ ભાઇ પૈસા.
હા હા!!... હા હા ! !... હા હા !!... હા હા !!...
ફાલુદો ને આઇસક્રીમની પલેટ ઉડાઊં ઝાઝી
જીંજર સોડા લીંબુ પીયું ઠંડો તાજી તાજી
ચાએ કાફી પી પાનની પટ્ટી ચાવું હું થાઊં રાજી
ખવડાવનારો કોક મલે તો વાહવાજી વાહવાજી
હા હા... હા હા... હા હા... હા હા...
હું કેવો સાદો સોજ્ને તોપણ આખર ખોજો
"મુરાદ" સઉને સાલગીરીનો દીન મુબારક હોજ્ને.
હા હા... હા હા... હા હા... હા હા...

આનંદ ૩૩

૧

આનંદ આજે ઉલટીયો, સજ્જન સ્નેહ અપાર,
પ્રેમ સહીત વાંચો સઉ, ધન ધન નરને નાર.

૨

પ્રેમ ફુલવાડીમાં ગયો, ન જોયો પ્રેમનો ઘાટ,
ફુલની છાબડી હાથમાં, જોયા કર્યો દીન રાત;

૩

સુલતાન નામજ એવીએ, મહમદ નામજ સાર'
અલી નામ આરાધીએ, ઉતરીયે પહેલે પાર.

૪

સાલગ્રેહ (૩૮) મી, સુલતાન શાહની આજ,
રંગ રાગ ધામ ધુમથી, કરો ખુશાલી આજ.

મીમ ૩૪

વાહ વાહ આજે કેવો સુંદર અવસર સુલતાન મહમદ
શા દાતારનો જન્મનો દીવસ આજ.
છે ખુશાલી આજ, કરો ખુશાલી આજ;
ઇશમાઇલી ભાઇઓ આવો, સુલતાન શા વધાવો.
હર્ષના ગીત ગાઓ, મોતીડે વધાવો,
સુલતાનશા વહેલા આવો, દયા મન લાવો,
કરમ અમપર ફરમાવો ને હીંદમાં પધારો,
સુલતાનશાહ વહેલા આવો, દયા મન લાવો;
સહુ ઈસ્માઇલી ભાઇઓને ખુશાલીનો નહિ પાર,
હાં... હાં... હાં... હાં... હાં... ઇસમાઇલી.
છે ડાંડીયારાસનો તાલ અહીં, ને રોશનાઇનો પાર નહિ;
મન માન્યો દિવસ આજ સહી વાહ ખુશાલી વાહ,
સરવે ભાઇઓને ખુશાલીની આપું હું મુબારકી ખાસ
સુલતાનશા મુજ સેવકની પુરી કરજો સહુ આશ

કર જોડીને વીનવું છું યા સુલતાન,
યા મહમદ સુલતાન, યા મહમદ સુલતાન.
મુજ " મીમ " ની વીનતી ઉર ધરજો
સઉની ઉમેદ પુરી કરજો હાં...હાં...હાં...હાં...હાં...ઇસિમાઇલી.

મીમ ૩૫

મેરે દીલમે હયે નકશ સુલતાં સુલતાં,
હવાને ભીલાઇ સદા સુલતાં સુલતાં. મેરે.
કોહેતુર મુશાને જલવા જો દેખા,
તો ગશ ખાકે કહેને લગા સુલતાં સુલતાં. હવા.
તુફાનમે નુહકી કીસ્તી અટકી,
વો પાર હુઇ જબ કહા સુલતાં સુલતાં હવા.
સલમાનકો શેરને જબકે ઘેરા,
બચાઇ હય જાં જબ કહા સુલતાં સુલતાં હવા.
કહુંગા હય દીલસે ઉલફત જો તેરી,
તો યુસુફને શરમા કહા સુલતાં સુલતાં હવા.
અહદ ઓર અહમદકા પરદા જો ઉલટા,
મીટા " મીમ " એ સુલતાં સુલતાં. હવા.

મીમ ૩૬

અમ વિનતી સ્વીકારો, સુલતાનશાહ દાતાર,
મન વાત કંઇ વીચારો, સુલતાનશાહ દાતાર—અમ.
અમ રંકને વીસારી, પરદેશમાં સીધારી,
હવે હીંદમાં પધારો, સુલતાન શાહ દાતાર—અમ.
અમે દાસ છઇએ તારા, કરજો મહેર પ્યારા,
દીદાર તો દેખાડો, સુલતાન શાહ દાતાર—અમ.

સૃષ્ટિના આપ કર્ત્તા, સરવેના દુઃખ હરતા,
નોધારાના છો આધાર, સુલતાન શાહ દાતાર—અમ.
ઝાઝું શું કહીએ તમને, આશીશ દેજો અમને,
દીધાં વચન પાળો, સુલતાન શાહ દાતાર—અમ.
કર જોડીને કહું છું, સુલતાન ઉર ધરજો,
હવે "મીમ" ને મટાડો, સુલતાન શાહ દાતાર—અમ.

અલી ૩૭

સુલતાન ગોરે વના આઉં તોતે—ટેક

દીલજા જાની દીલજો ધણી તું, મુકેરે મોલા આડેતો તુંહી તું.
બ્યે કોઇસે દીલ ન ડરે તો—સુલતાન.
કોડ કોડામણો તુંતો દેખાજે, બ્યે સે મુંજી દીલ નતી ધ્રાજે
તોજી લહેર મેં આંઉં લુડાતો—સુલતાન.
કરમ જી કથણી તોકે સુણાઇયાં, અવર કોઇકે નતોરે ભાઇઆ;
મુજી દલ સાંણુ દમ ભરાતો—સુલતાન.
જીવ "અલી" હાંણે ઉથી વનેતો, વેરીયમ મ કર હાંણે વત વનેતો
તોજે તવલ્લુદ જે દીઅ ગુરાંતો—સુલતાન.

અલી ૩૮

વેલેરો વર મીઠડન શાહરે, દીલ તું ધર મુંજી ધાંઆરે—વે.
શીરાક મેં તોજે શીગંતો, માર્યો હીતે મારે—વેલેરો.
ફુરકતમેં હી શીટી વીયાશે, હાંણે હલ વારે,
દીદાર દીસણુંજે દર્દ દીલમેં, મુકે તો ગારે—વેલેરો.
હે કર સભની લડેવયા શે દીલ ડીનાઇટારે,
હજ સભે લુટાએ તેકે હથા મ છડ હારે—વેલેરો.
રાતો ડી મુકે રંજ થીએતો, દીલમેં ધુંઈ બારે,
ફુખડા મુહીજા મેટમડેતું અચી દીલ ઠારે—વેલેરો.

સુલતાન મોહમદ આએ "અલી" ઈ આયો આય ધારે,
હીત હલીઅ આંઉ હીતો ચા, હાંણે હણુ મતા ગારે—વેલેરો.

અલી ૩૯

સુલતાન શાહ કેવી, તારી રીત,
સાંમી તારે નખરે લોભાણાં રે—સુલતાન.
મોહન મલવાને મારે, મન દોડી ચાલ્યું ત્યારે,
છોગાળે છેતર્યા મુને છેક, છોડી ચાલ્યાં છરરરરરરે—સુલતાન.
અલબેલા આગળ જઈ, વીનતીથી વીનવ્યું રે,
દરશનનું દીઓ મુને દાન, ચાલી ગયાં ચરરરરર રે—સુલતાન.
દુખના દરીયા માંહે મારૂં, મનડું દોહલે છે રે;
આવીને તારો ભવ પાર, આવી ચાલ્યાં અરરરરર રે—સુલતાન.
શરણે રાખોને સ્વામી, અરજ સુણો અંતરજામી;
દાસ "અલી" ની અરજ ઉર ધાર, ફરો નહી ફરરરર રે—સુલતાન.

અલી ૪૦

સુલતાન શાહ મારો રૂડો શામ રૂડો શામરે,
આવો તો પ્યારા પ્રીતમ ગોઠડી કરીયેજી—સુલતાન.
વહેલા આવોને વહાલા, ભીડ ભાંગો નટવર લાલા;
હું શરણે તમારે આવો આમ આવો આમ આવો આમ રે—આવો.
સાહેબ સુંદર શામા, દીયોને દરશન રામા;
પામરની પ્રીતે આણો ધ્યાન, આણો ધ્યાન આણો ધ્યાનરે—આવો.
અપરાધી ચરણે તારે, સામી આવ્યો તુજ આધારે,
દીલ દીવ્ય કરીને દેજો શાન, દેજો શાન દેજો શાન રે—આવો.
ભેટોને ભુદર રાયા, ચિત્ત તુજ ચરણે લાયા,
દાસ "અલી" ને આપો દર્શ દાન, દર્શ દાન દર્શ દાનરે—આવો.

મુખતાર ૪૧

વારે ચડી વહેલા આવોરે, સુલતાન શાહજી વારે ચડી વહેલા આવો.
તમ વીણુ અંધારૂં કાળું, લાગે નહિ કાંઇએ સારૂં;
કરગરી કહું છું હું, આવો આવોરે સુલતાન.
આવીને શાનજ આલો, ભુલડાને મારગે લગાડો;
હેતે હેતારસ પાવો, પાવોરે. સુલતાન.
તમો છો દેવ દયાળુ, વળી છો પરમ કૃપાળુ;
જેથી મુજ મનમાં ભાવો, ભાવોરે, સુલતાન.
સંસારી સંબંધ ત્યાગી, થયો તમતણો વૈરાગી;
સેવાને અમુલખ લાવો, લાવોરે, સુલતાન.
કનૈયા લક્ષણ છોડો, "મુખતાર" થઈ બંધન તોડો;
નહિતો એળે જન્મારો, મારોરે. સુલતાન.

મુરાદ ૪૨

સુલતાન શાહ પધારી, દરશન આપો નીજારી. સુલ૦
મુંબઈ મુકી વિલાયત વસાવી, એતો ન વાત છે સારી,
મયા ધરીને વહેલા આવીને, શુધ હવે લેજો અમારી,
દયા કરી લેજો ઉગારી. સુલ૦
વાટ જુએ છે સુલતાન તારી, મુંબઈમાં નર નારી,
હાથ જોડી હું અરજ કરૂં છું, નજર કરો દયા ધારી,
શરણમાં રાખો તમારી. સુલ૦

વરતેજી ૪૩

અહો સુલતાન ! થઉં કુરબાન ! તુંહી ઇમાન ! મારૂં છે !
ધરૂં તુજ ધ્યાન ! રહું ગુલતાન ! સદા એ તાન ! મારૂં છે !
રૂડો રેહબર તું મારો છે ! વસીલો એક તારો છે !

સફળ જન્મારો મારો છે ! ભલુ એ જ્ઞાન મારૂં છે !
ગુનાહ દરિયામાં ડુબેલી, બચાવો નાવડી વેલી !
તુંહી બળવંત છો બેલી, ખરૂં અભિમાન મારૂં છે !
તુંહી સાહેબ જમાનાનો, તુંહી હાદી જમાનાનો !
તુંહી મહાદી જમાનાનો, અચળ એ ધ્યાન મારૂં છે !
તુંહી સલવાતનો સાહેબ, તુંહી ઝાહેર નથી ગાયેબ !
ગણું ફરમાન તુજ વાજેબ, ખરૂં કુરઆન મારૂં છે !
અહો અલી વેશ અંગરેજી, હકીકી રાહ રંગરેજી !
કીધો રંગીલો વરતેજી, સદા એ ગાન મારૂં છે !

મુરાદ ૪૪

નામે અલીપે જાન કો કૂરબાન કીજીએ,
કુરબાન અપના દીન ઓર ઇમાન કીજીએ.
દીલ ચાહતા હયે છોડકે દુનીયાંકે કામકો,
સુમરન અલીકે નામકી હરઆન કીજીએ.
તાકત નહિ કલમમે લીખે વસકે મુરતુઝા,
ગુંગી ઝબા હયે કીયા બયાં વોહ શાન કીજીએ.
ચલ આલ અલીકે પાસ તું મુરાદ સરકે બલ,
કુરબાન જીસ જનાબપે યહ જાન કીજીએ.

મુરાદ ૪૫

દીલોજાન સુલતાંપે વારારે.
આફત પલમે દુર હુઇ સબ, મહમદ સુલતાં જબ પુકારારે. દીલો-
નામે સુલતાં સુભરાજની હયે, સાહેબ વો હયે હમારારે. દીલો-
મુરાદકો તેરે બીન સાહેબ, ઓર નહી હયે સંહારારે. દીલો-

વરતેજી ૪૬

આજ વધાઇ ! દીન ઉજીયારો ! ધન ધન જનમીયો શાહ હમારો—

અજબ ઝલકથી ખલક ખીલી છે, ધન ધન સર સુલતાન દુલારો-
વન ઉપવનની ખીલી ફુલ કલીયો ! બુલ બુલ છે કુરબાન હજારો-
રાગ રંગ દીન આલગીરીનો, વરતેજી જય જય લલકારો ! આજ૦

વરતેજી ૪૭

કે અવસર આજનોરે,
બલહારી જાઉ સાલગ્રે દીન જહુરે ઇમામત તાજનોરે-કે-અવસર!
શાહ સુલતાં ! રાખ ગુલતાં ! રંગે ઝુલતા ! પ્યાર ભર
નુરે પરવર ! રહેમી રહેબર ! એક નજર કર ! દાસપર-બલહારી.
અલબેલા ! આવો વહેલા ! દાસ ઘેલા ! દરશના,
તુંથી નેડો ! તાર એડો ! રંગે રેડો ! હરશના બલહારી.
શાહે મરદાં ! શેરે યઝેદાં ! કુવતે પરવર દીગાર !
વ લા ફતા ઇલ્લા અલી તું ! શાહે સુલતાં નામદાર-બલહારી.
શાહે આલા ! રહેમ વાલા ! બોલ બોલા ! સાલગ્રેહ !
વરતેજી ફંદી ! વ્હાયવંદી ! જય આનંદી ! સાલગ્રેહ-બલહારી.

સુરાદ ૪૮

વતન ઇરનથી આવી, ગૂલે ગૂલજાર છોડી આવી;
પીદર સજીને અહીઆ લાવી, અમે લાચાર ઇરની.
શીખી સઉ કામ બાવરચી, નીમક નાખી હલદ મીરચી;
જીયાદા જો મીલે ખરચી, કરે દુકાન ઇરની.
ગુલાબી શરબતી આલા, ઠંડો અઐશકીરીમ બાલા;
કાપી ચાહી ભરી પ્યાલા, ભરી આપે છે ઇરની.
પીકમીએપ રાસબીરી લીમલેટ, ટાનીક ઠરસ્ટો છે જંજીરેટ;
ક્રીરીમ સોડા છે પીપરમેટ, બધી રાખે છે ઇરની.
નીલામમાંથી છરી કાતર, લવનડર કોલનવાટર;

બસ્ક દંડો સુલાવાટર, કરે હરકાર ઇરૂની.
પતિતા ગુશ ખડીયા રૂશ, ખીમા છે દાલમા ગુશ;
કડી ચાવલ છે તબીયત ખુશ, કરી આપે છે ઇરૂની.
પુટીમ કસતર સલાઇસબટર, પેટીસ કટલેસ છે ખુશતર,
ઘનો સામાન છે અંદર, જુઓ દુકાન ઇરૂની.

ઘરાક—ઠરાની બે પટી પાન લાવ, એકમાં ટુકડા, એકમાં કત્રી.

ઇરાની—ઓ પાનવાલા બે પટી પાન લાવ, એકમાં કુતરા, એકમાં કુતરી લાવ ? જલદી લાવ ? ??

મુરાદ ૪૯

દીકરો—વાહવા સાલગ્રેહ શુભ આવી, બાપ કરાવો અમને ટેસ.

બાપ—બેટા છાનોમાનો રહેને, તુને સીવડાવી દઉં ડ્રેસ;

છોકરો—બાપા ઈંગ્લીશ ફેશન કપડાં, કોટ, પાટલુન, ટોપી, બુટ !
કરૂં ટાઇ કોલરનો ભભકો, પૈસા વાપરવાની છુટ !
હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં !
હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં !

બાપ—છઇયા છકી ન જા હટ ! છટ ! છટ ! આતે કેવી ખટ ! પટ !

છોકરો—બાપા ! મુકી દયો ! બસ ! પટ ! પટ ! ઇંગ્લીશ ડ્રેસ દયો ઝટપટ !
બાપા ! નહિ આપો તો રોઈશ, ઘરમાં જમવા પણ નહિ આવું
અહં ! અહં ! અહં ! અહં ! અહં ! અહં ! અહં ! અહ !

બાપ—રડ નહી દીકરા ચાલ સંગાથે, મુરાદ તારી બર લાઉં
હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં !
હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં ! હાં !

પેનવાલા ૫૦

લઉં પ્યારા સુલતાં રે ઓવારણા !
છે નામનાં ને કામમાં મીઠી મજા !

ઇંસલાઇલીનાં જીવન ભુપ મુસ્લીમમાં મહા !

વારી જાઉં આભારમાં ! લઉં પ્યારા.

સાખી—બ્રિટન બળ ઝળકાટમાં, મિત્ર રાજ્યની સંગ,

અખંડ જ્યોતિથી સમયપર, દુસ્મન કીધા દંગ !

એ પ્રગટ થાતાં ચીદ્દ થયા મુંબઇનાં મ્હા !

આશિષ માગે પંજેમાઇ, હરખી સાલગ્રેહમાં ! લઉં પ્યારા.

મીમ ૫૧

સાખી—ધન ધન તમને હે સખી આજ અવીચળ રાજ,

ની (૩૮) મી સાલગ્રેહની મુબારકી છે આજ.

વરતેજી ૫૨

જય ! જય ! સર સુલ્તાન, જય ! જય ! નુર નિરંજન.
જય ! જય ! સર સુલ્તાન, ભક્તા ભવ દુખ બંજન.
જય ! જય ! સર સુલ્તાન, અહેલે બૈત નબીનાં.
જય ! જય ! સર સુલ્તાન, અસલ ઔલાદ અલીનાં.
જય ! જય ! સર સુલ્તાનશા, નાથ નકલંકી હજુર તું.
હાજર ઇમામ હકીકતી, જાહેર નુર જહુર તું.

વરતેજી ૫૩

નુર જાહેર તુંહી સુલતાન તુંહીજ અલખ્ખતણી લખ જ્યોતિ
તુંહી તૌરાત જમુર ને ઇંઝીલ તુંહી કુરઆન કલામ વિધાતિ
તુંહી રૂગવેદ યજુર સામ તુંહીજ અથર્વની આણુ અનોહી
તુંહી શિરછત્રની છાંય ગૃહી વરતેજી હવે દ્રઢ વાળી પલોઠી

અબ્હ ૫૪

ખીલી શી આજે બહાર મજહેદાર

ખીલી શી આજે બહાર........ખીલી.

સાલગ્રેહનો સુંદર અવસર (૨)
આવે બસ આવે હઝાર લાખવાર........ખીલી.
ભાવીક જનોનો ભપકો છે ભારે (૨)
મુબારકીના ઉચ્ચાર મજહેદાર........ખીલી.
ઈસમાઈલીની આજે દીવાળી (૨)
રૂડો રંગીલો તરેહવાર મજહેદાર........ખીલી.
હળી મળી સહુ હાથ મીલાવે (૨)
"અબ્દુ" ખુશી છે અપાર મજહેદાર.......ખીલી.

મીમ ૫૫

આવો આવો ઇસમાઈલી ખુશીઆં મનાએ
શાહ સુલતાંકા જન્મ મુબારક........ખુશી૰
આવો ઈસમાઈલી કરે રંગ રેલીઆં
શાહ દરબારે રહેમત ખોલે........રંગ૦
દેખો ઈસમાઇલી હુરે ગાએ મંગલ ગીત
નુરે જહુર કો મે બરશાએ........મંગલ૦
આવો આવોને સુલતાં પ્યારે દરશ દેખાવો
તેરે મુખડેપે બલબલ જાઉં........દરશ૦
આવો આવોને સુલતાં પ્યારે મહેર કરો
દીને હકીકી રાહ બતલાવો........મહેર૦
આવો આવોને સુલતાં પ્યારે મત તરશાઓ
આકે " મીમ " કું અધર ઉડાઓ........મત૦

મુખતાર ૫૬

તૌરમાં છઇએ અમો આજે ખુશીનો દૌર છ
હુગે ગીલમાં ને ફરીશ્તાની ખુશી કંઈ ઔર છે.....તૌરમાં૰

બેકદર ને સુકદર કંઇ આજના અવસર તણી
જહુર જેના નુરનો મશહુર આજે શોર છે......તૌરમાં૦
વેદ ને કુરાન પુરે સાખ અલીના નુરની
તે ન સુઝે મુંઢને જે જાણવા ના ચોર છે......તૌરમાં૦
જન્મદિન સુલતાનશાહ હાજર ઇમામે વખ્તનો
તાર છે મુખ્તારનો હા બેખુદીનો જોર છે......તૌરમાં૦

મીમ ૫૭

કોઇ પુછે મેરે દીલસે કે યે કયા હોતા હયે
ધુમ હયે હીંદમેં યાં આજ જશન હોતા હયે,
બાગમે ફુલ ફુલોકી લજ્જસે યે આતી હયે સદા,
આજ સુલતાને મોહમદકા જનમ હોતા હયે,
દીનો દુનીયામેં હકીકતકા હુવા હયે સોહરા,
મુદ્દઇયોં કા યહા ચહેરા સીઆ હોતા હયે,
લાન્તે મુંહપે ગીરી તોક ગીરી ગરદન પર,
તોબા કરને લગા સૈતાં કે યે કયા હોતા હયે,
આઇ આવાજ કે હોતે હયે ગુન્હા આજ માફ,
સુનકે પયગામ યે ઇસમાઇલી ખુશ હોતે હયે,
સીઝદા જીસ દીનસે કીયા "મીમ"ને અએ શાહે ઝમાં,
સીકલે શીરઉનને દેખા કે યે કયા હોતા હયે.

વરતેજી ૫૮

છું દિવાનો મસ્ત અલીના નુરનો,
જલ્વો જોયો આજ કોહે તુરનો,
કાનના પડદા અચાનક ફાટતાં,
અનલહક સુર સાંભળ્યો મનસુરનો.

ઇશ્કે વહેદતના નિશામાં મસ્ત થઇ,
દારૂ હાફેઝનો પીધો અંગુરનો,
જામ પીધો મોતનો અમૃત ગણી,
ખેલ જાણ્યો જગત ક્ષણ ભંગુરનો,
મંદિરો ને મસજીદોનો મોહ ગયો,
મર્મ જાણ્યો અપ્સરા ને હુરનો,
મઝહબી ઝગડાનો બોજો ફેંકતાં,
નજદીક થયો રસ્તો હતો જે દુરનો,
રાહે શરીયત હદ વટાવી બેધડક,
જોઇ હકીકત માં તજલ્લો નૂરનો,
"લાઇલાહ" માંહે ઈલલ્લા "અલી"
હા પઢયો હું સબક એ મજકુરનો,
આદિ ને વળી અંત માંહી એ અનંત,
અલખમાં લખનો ઝલક એ નૂરનો,
તે અલીનું તુરસત્ત "સુલતાનશાહ"
સાર એ " વરતેજી " સુરે તુરનો.

ચુનારા પદ

ઝલક ફ્લકની છે ભારી આજે દહાડો રૂડો............ઝલક.
નૃત્ય કરે સ્વર્ગમાં હુરો,
અવતરીયા દેવ મોરારી............આજે.
જે દુઃખ ટાલક પાલક એ પ્યારો,
તે ખાલેક થયો અવતારી............આજે.
જનમેયા જગનાથ તુરે હીલોરો,
ગીત ગાઓ નર ને નારી............આજે.

"અલી" એ છે ઇમામ અમારો,
સુલતાંથી તખ્ત દીપે ભારી..........આજ.

ચુનારા ૬૦

સુણો ત્રીલોકમાં છે જેનો ભાસ,
અવતારી થયો ખલ્કમાં તે ખાસ.
ગુરૂના જ્ઞાન વડે શોધો એની રાશ,
માખણ મુકી નહી કોઇ પીઓ છાશ.
હીરલો આવ્યો હાથે છે તમારે પાસ,
એથી વિમુખ રહેશો તો જશો લાસ.
સતપંથે સુધા રહી બનોને દાસ,
જેથી જન્નત માંહે કરશો તમો વાસ.
એ દુષ્ટ દેહનો અંતે થશે વિનાશ,
વિચારી વરતો છે જ્યાં લગી સાશ.
અવિનાશી 'અલી' જીકર દીલમાં ઠાંસ,
નહી તો આગળ ખમશો તમો ત્રાસ.

ચુનારા ૬૧

અસાં ની આશ દે તલબી હી કલબી,
સુણી તું ધ્યાન દે તલબી હી કલબી.
દીલ થીએ ખણા જોલી, દીધો પયો મૌલા લોલી,
વસાઇ વીલાત ધોલી, દિસ દીલદાર વે.........તલબી.
જુદાઈ જી આગ બુરી, મૌલા હી દાગ દુરી,
અચી દે દીદાર નુરી, વીચ તવલ્લુદ મેં......તલબી.
રૂકો પહાએ રાજી, મૌલા મીઠડન છા જી,
કંયેતા સભની ધ્યાં જી, અચી ફુરકત મેં......તલબી.

ભભકેતાં આગ શોલા, વેગ્રે વીસાએ મૌલા,
છદે "અલી" યે રોલા, અચ મું મુંબઈ મેં......તલબી.

મુરાદ ૬૨

હયે ઇસમાઇલી આજ ખુશ કયેસે કયેસે,
બદન પે સજે સાજ ખુશ કયેસે કયેસે;
બરસ્તા હયે નુર મુંહપે ચહેરા ચમકતા,
સદાકત સે હયે નાઝ ખુશ કયેસે કયેસે,
જહુરે ઇમામત હયે બર આૈજ લંડન,
હયે જીનપર બ્રિટીશરાજ ખુશ કયેસે કયેસે,
વોહ સુલ્તાન જીસપે ફીદા જીસ્મો જાં હયે,
જનમ દીન હયે આજ ખુશ કયેસે કયેસે,
ફ્લક પર ઝલક આજ રંગી અયાં હયે,
મલક હયે સરફ્રરાજ ખુશ કયેસે કયેસે,
લગા તાર દીલમે મુરીદું કે હરસુ,
મુબારક કે અલફ્રાજ ખુશ કયેસે કયેસે,
ચમકતા હયે તખ્તો તાજે ઇમામત,
"મુરાદ" આય બર આજ ખુશ કયેસે કયેસે

મુરાદ ૬૩

વાલમ તુજ વિણ છઇએ ઘેલા,
આવો ને અલી અલબેલા રે,
ઝુરે વીરહમાં પતંગ પ્રેમી,
દુર ન થા તું દીલબર રહેમી,
દયા નજર કર નિર્મળ નેમી,
આવો દીલડે વસેલા રે..........૧

આતુર આંખડી દરશન કાજે,
ચમકે કાન તુજ ઝમક અવાજે;
છબીલા તુજ છબી અંતર છાજે,
ઉભરે અમીરસ રેલા રે..........૨

કેટલા કરીએ કાલા વાલા,
જંપીએ તારી નિશદન માળા;
મોંઘા ન થાઓ હવે મતવાલા,
થઇ ગઇ જાજી વેળા રે..........૩

સાલગ્રેહનું ગુલશન બ્હેકે,
વસંત આનંદ વાળુ લહેકે;
પીયું પીયું કોયલડી ટહુકે,
"મુરાદ" પુરો છેલ્લા રે..........૪

મોમ ૬૪

સુલતાં પ્યારી સુરતીઆં દેખાયે જાઓરે,
મોહે લાગી અગનીઆં બુજાએ જાઓરે...સુલતાં.
ખુદાકે વાસ્તે અબતો આ શાહ પહેલું મેં,
તડપ રહા હયે દીલ બે કરાર પહેલું મેં,
ન તેરા વશલ મુમકીન ન તાબ હયે દીલકો,
અજબ તરાહ કા ઇલાહી અજાબ હયે મુજકો...સુલતાં.
કરતી હયે ચાંદશી સુરત કો બહોત પ્યાર આંખે,
દીલ હયે મુસ્તાક મેરા ઓર તલબાર આંખે,
નજર આતી નહી સૂરત તેરી અફસોસ કહી,
ઢુંઢતી રહેતી હયે હરદમ મેરી દીલદાર આંખે...સુલતાં.
કુચ્છ એક હમહી નહી ઇન્તેજાર બેઠે હયે,

સુલતાન શાહ કે સયદા હજાર બેઠે હયે,
ઊઠાલો પરદએ રૂખ કો જમાલ દીખલા દો,
હમ આંખે ખોલે હુવે ઇન્તજાર બેઠે હયે...સુલતાં.
આજ તું બાદએ બે કએફ પીલાદે સુલતાં,
તેરે સદકે મુજકું મસ્તાન બનાદે સુલતાં,
એક આલમકું કીયા તુને ખરાબાતે ઝહા,
જબ મયે જાનું મેરી બીગડી કો બનાદે સુલતાં...સુલતાં.
આરજુ ઇસ દીલે બેતાબ કી બર આઇ હોતી,
અએ શહે દીં જો કભી શીકલ દીખાઇ હોતી,
મરીજે ઇશક જો દેખા તો મશીહા બોલા,
યેહ વોહ હયે દર્દ નહી જીસકી દવાઇ હોતી...સુલતાં.
જો મજા તેરે તસ્વુર મેં મુજે આયા હયે,
વો મજા મયને કીસી શયે મે નહી પાયા હયે,
કંદ મીશરી સે સીવા નામ તેરા ભાયા હયે,
તેરાહી નકશા ઇન આંખો મેંહી સમાયા હયે...સુલતાં.
મએ અપને દીલકું **શાહ સુલતાં**કું દિયા ચાહતા હું,
છોડ દુનીયાકી રાહ દીન લીયા ચાહતા હું,
અએ આલીમો કહો કયા મેં બુરા ચાહતા હું,
જીસસે મીલા હયે "**મીમ**" ઉસસે મીલા ચાહતાહું...સુલતાં.

મુરાદ ૬૫–કોમીક

શેઠ–ધીરી ધીરી શેઠાણી જરી ધીરી,
આવી પુગી ....
...... આવી શેઠાણી, કરો ખુશી ખુશાલી ખાસી,
શેઠાણી–દાગીનાનું નથી ઠેકાણું, સીદ કરવો હાંસી.

શેઠ–લડાઈ ને વળી મોંઘવારીની, સળગી રહી છે હોળી,
દાગીના માટે કાં અલી, છણકા મારે ભોળી.
શેઠાણી–કરી કમાણી તમે કંથજી, તેમાં હક છે મારો,
સાલગીરીમાં માંગુ નહી તો, ક્યારે આવે વારો.
શેઠ–કેવી પક્કી શેઠાણી છો, તડાક માર્યું તાનું,
સાલગીરીનું ગોતી રાખ્યું, બહુ મજાનું બહાનું.

" જબાની "

શેઠ–લે ઠીક ચાલ સોનારાની દુકાને પણ જોજે વધુ લોભ કરતી નહીં,
હાર ને બંગડી અપાવીશ બીજું કાંઈ નહી.
(છોકરો દોડતો આવે છે) અં અં મા મને ઘડીઆળ ને છેડો
કહે તારા બાપાને, મુક મારો કેડો.
શેઠ–(અજબ થઇને શેઠાણીને) લે વળી કૌતુક બીજું કાઢ્યું
પંહોચેલી તું પકી માંડ માંડ તુને સમજાવી ત્યાં વળગાડયો જક્કી.
ચાલ ભાઈ ચાલ પચાસ વધારે, સાહેબ બરકત વધારે.
શેઠાણી–સાલગીરી તું ભલી માવડી, ભલે આવી ભભકતી,
દાગીના પહેરીને ચાલુ, રમઝમ ચાલ ઠમકતી.
શેઠ—ધીરી ધીરી શેઠાણી જરી ધીરી,
શેઠાણી—વાહવા કેવી ફળી સાલગીરી.
છોકરો— બંદો કેવો પહોંચેલ બુટી
ઘડીઆળ ને છેડો તો લીધો, ઉપર લઇશ અંગુઠી.
શેઠ-- સાલગીરીનો અવસર સુંદર શેઠાણી થયાં રાજી,
જગ જીત્યાં ને ગંગા નાહ્યા વાહવા વાહવાજી.
કેમ હવે મરડાવ શેઠાણી વાત હરખની બોલો,
મુરાદ મનની પુરી કીધી ઘુંઘટનો પટ ખોલો

શેઠાણી—સાલગીરીનાં આનંદ ખાતર ઠાઠ કીધો મેં ઠાલો,
શેઠાણી થાનારો બંદો, ધીંગો જોઇ લ્યો ધાલો.
